આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૯૩ | ૫ જાન્યુઆરી, ૨૦૧૫, સોમવાર ; પોષ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

એક ઇશ્વરને જ માંગી લો,
ઐશ્વર્ય તો ઇશ્વરનો
પડછાયો છે, જ્યાં ઇશ્વર
ત્યાં ઐશ્વર્ય છે
- એસ. ભટ્ટાચાર્ય

## વાયબ્રન્ટ ગાંધીનગરની તસવીરી ઝલક




(તસવીર : દિપક જાની)

# અભિનય સમ્રાટની અણધારી વિદાય

**ગુજરાતી ફિલ્મોના મહાનાયક ઉપેન્દ્ર ત્રિવેદીની પાર્લામાં અંતિમ યાત્રા નીકળી : ૯૦થી વધુ ફિલ્મોમાં અભિનયના ઓજસ પાથર્યા : અભિનય સમ્રાટ નાટક દ્વારા ૨ કરોડ રૂપિયા ગુજરાતના રાહતફાળા માટે આપ્યા : પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત : વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે પણ સેવાઓ આપી હતી**





ગાંધીનગર, તા. ૪

ગુજરાતી ભાષાનો એક અનોખો અવાજ ગઈ મધરાતે એકાએક લુપ્ત થઈ ગયો... હા; ગુજરાતી રંગભૂમિ અને ચિત્રપટનો શહેનશાહ અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીના જીવન પર પડદો પડી ગયો અને ઉપેન્દ્ર ત્રિવેદીની વિદાય એટલે એક યુગનો અંત.

૧૪ જુલાઈ ૧૯૩૭માં ઈન્દોર ખાતે જન્મેલ ઉપેન્દ્ર ત્રિવેદી આમ તો ઈડર તાલુકાના કુકડિયા ગામના વતની. પ્રાથમિક શિક્ષણ કુકડિયા અને ઉજ્જૈનમાં મેળવ્યું. ૧૯૫૪માં પહેલીવાર 'કહ્યાગરા કંથ' માં વડીલની ભૂમિકા ભજવી રંગભૂમિ ક્ષેત્રે પદાર્પણ કર્યુ.

તેમણે ૧૯૫૬માં હિન્દીના શિક્ષક તરીકે તેમજ અખંડ આનંદમાં નોકરી કરી પિતાને મદદરૂપ થવાનો પ્રયત્ન કર્યો. ૧૯૫૭માં ભવન્સ કોલેજ આયોજિત આંતર કોલેજ નાટ્ય સ્પર્ધામાં 'ભીતરના વ્હેણ' નાટકમાં શ્રેષ્ઠ અભિનયના ઓજસ પાથરી એવોર્ડ મેળવ્યો.

૧૯૬૧માં તેમણે લેખન-દિગ્દર્શન અને અભિનયની ત્રિવિધ જવાબદારી સંભાળી રંગભૂમિ પરના તેમના પદાર્પણને મજબૂત બનાવ્યું.

૧૯૬૫માં આકાશવાણીમાં નોકરી માટે જોડાયા. ચાર વર્ષની આ નોકરી બાદ તેમણે રાજીનામુ આપ્યું.

૧૯૭૧માં ગુજરાતી ફિલ્મ જેસલ-તોરલમાં મુખ્ય હીરો તરીકે રજુ થયા અને જેસલ જાડેજાની આ અદાકારીએ ગુજરાત ઘેલુ કર્યુ. આ પછી તેમણે કારકિર્દીના અનેક શિખરો સર કર્યા.

ગુજરાતી રંગભૂમિ પર રિવોલ્વીંગ સ્ટેજનો કોન્સ્ટેપ રજુ કરી અભિનય સમ્રાટના અનેકવિધ શો કરી ૧૯૮૭માં દુષ્કાળમાં સપડાયેલા ગુજરાત માટે રૂ. ૨ કરોડનો ફાળો જમા કરાવ્યો.

૧૯૮૯માં ભારત સરકારે તેમના પ્રદાનને ધ્યાન લઈ પદ્મશ્રીના એવોર્ડથી સન્માનિત કર્યા હતા.

આ પછી ભાજપના તત્કાલિન નેતા શ્રી શંકરસિંહ વાઘેલાના સંપર્કમાં આવ્યા. વાઘેલા અને ત્રિવેદીની નિકટતા એટલી બધી વધી કે તેમના કપડવંજ સંસદીય મત વિસ્તારમાં જાહેરસભાઓ કરી અને વાઘેલા જંગી મતોથી વિજયી થયા.

આ પછી તેઓ માધવસિંહ સોલંકીના આગ્રહથી કોંગ્રેસમાં જોડાયા અને ભિલોડા વિધાનસભાની પેટા-ચૂંટણી લડ્યા વિજયી થઈ ધારાસભ્ય બન્યા. ૧૯૯૦માં તેઓ બીજીવાર આજ વિધાનસભા મતવિસ્તારમાંથી વિજયી થયા અને રાજ્ય મંત્રી બન્યા. ૧૯૯૨માં જ તેમને રાજ્ય સરકારે ઓમકાર ઠાકુર એવોર્ડથી સન્માનિત કર્યા. તો ૧૯૯૪માં તેમણે બનાવેલી ફિલ્મ માનવીની ભવાઈ તેમને સફળતાની ટોચ પર બેસાડ્યા. રાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં તેમને શ્રેષ્ઠ ફિલ્મ દિગ્દર્શનનો એવોર્ડ મળ્યો.

૧૯૯૮માં ત્રીજીવાર ભિલોડામાંથી વિજયી થયા અને વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકેની ફરજો બજાવી. ૨૦૦૩માં પણ તેઓ વિધાનસભા લડ્યા પરંતુ પરાજય પામ્યા.

ઉપેન્દ્ર ત્રિવેદી અને સ્નેહલતાની બેસ્ટ બોડી કેમેસ્ટ્રીએ ગુજરાતી ચિત્રજગતને ૩૩ ફિલ્મો આપી જે વિક્રમ છે. તેમણે ૧૯૬૦ થી ૨૦૦૮ દરમ્યાન ગુજરાતી ચિત્રજગતમાં ૭૬ ફિલ્મોમાં અભિનય કર્યો. ૧૧ હિન્દી ફિલ્મો અને એક ભોજપુરી ફિલ્મમાં પણ અભિનયના ઓજસ પાથર્યા હતા.

ગુજરાતી ફિલ્મોમાં જેસલ તોરલ, કાદુ મકરાણી, વીર રામવાળો, ઝેર તો પીધા જાણી જાણી, હોથલ પદમણી, સોનકંસારી, ભ્રષ્ટાચાર

● અનુસંધાન પાન-૭ પર

## અભિનય સમ્રાટના પ્રયાણને મારા પ્રણામ : પુ. મોરારીબાપુ

કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળાના પ્રારંભે અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીના અવસાન બદલ તેમને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. પુ. મોરારીબાપુએ પણ ઉપેન્દ્ર ત્રિવેદીના પ્રયાણને પ્રણામ કરી તેમની ખોટ ક્યારેય નહીં પુરાય તેમ જણાવ્યું હતું. તેમણે કલાજગતને ચેતના પુરી પાડી હતી. તેઓ માત્ર કલાજગત જ નહી પરંતુ રાજનીતિ અને લોક સાહિત્યમાં પણ વિદ્વાન હતા. આ ત્રણેય જગત અને ગુજરાતને તેમની ખોટ સદાય સાલશે.

## અભિનય સમ્રાટને મહાનુભાવોની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું છે કે તેમણે અભિનયથી લોકોના દિલ જીત્યા હતા.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું કે સાંસ્કૃતિક વારસાને સદાકાળ જીવંત રાખનારી એક પ્રતિભાના નિધનથી ગુજરાતની રંગભુમિ રાંક બની છે.

રાજ્યના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું છે કે ગુજરાતી ચલચિત્રની એક આગવી ઓળખ તેમણે ઉભી કરી હતી.

વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું છે કે ગુજરાતી રંગભુમિને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્ત જહાએ ઉપેન્દ્ર ત્રિવેદીના અવસાન અંગે દુઃખની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, ગાંધીનગરને પોતીકાપણુ પહેરાવવા માટે તેમણે આ નગરના બાળ-કલાકારોને પ્રોત્સાહિત કરવામાં આપેલુ યોગદાન સદાય યાદ રહેશે.

# વાઈબ્રન્ટમાં સાત જિલ્લાની ફાયરબ્રિગેડ સ્ટેન્ડ ટુ કરાશે

**આજથી ૧૫ જાન્યુઆરી સુધી ફાયર બંદોબસ્ત : મહાત્મા મંદિર, એકઝીબીશન સેન્ટર, સચિવાલય હેલીપેડ, પીડીપીયુ અને વિવિધ મોટા પાર્કીંગોમાં ફાયર બંદોબસ્ત : ફાયર સ્ટેશનમાંથી કમાન્ડ યુનીટ દ્વારા તમામ ફાયર બંદોબસ્તનું કંટ્રોલીંગ કરાશે**

ગાંધીનગર, તા.૪

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન કોઈ મોટી આગ દુર્ઘટના ન સર્જાય તેની તકેદારી તથા કોઈ કોઈ ઘટના બને તો ત્વરીત પરિસ્થિતિ કાબુમાં લઈ શકાય તે માટે ગાંધીનગર મહાત્મા મંદિર અને વાઈબ્રન્ટ એકઝીબીશન સેન્ટર સે-૧૭ ઉપરાંત નવા સચિવાલય હેલીપેડ તથા વિવિધ પાર્કીંગ સ્થળો અને પીડીપીયુમાં ફાયર બ્રિગેડનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ૫મી જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી સુધીના ફાયર બંદોબસ્ત માટે વિવિધ સાત જિલ્લાની ફાયરબ્રિગેડ પાસેથી સાધનો સાથે કાફલો વિવિધ સ્થળે સ્ટેન્ડ ટુ રાખવામાં આવશે. તે ઉપરાંત પ્રધાનમંત્રીના સ્ટેજની બંને બાજુએ બે અલગથી ફાયર ટેન્ડર મુકવામાં આવશે.

મળતી માહિતી મુજબ વાઈબ્રન્ટના ફાયર બંદોબસ્ત માટે નડીયાદ, રાજકોટ, અમદાવાદ, સુરત, બરોડા, ગાંધીધામ સહીત ગાંધીનગર જિલ્લામાંથી ફાયરના સાધનો સાથે સવાસો જવાનોનો કાફલો ગાંધીનગરમાં તૈનાત કરશે. આવતી કાલે ૫ જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી સુધી ફાયર બંદોબસ્ત રહેશે. મહાત્મા મંદિર ખાતે ૩ ફાયર ટેન્ડર, બે વોટર બ્રાઉઝર, એક મીની ફાયર ટેન્ડર અને બે ફાયર બુલેટ તૈનાત રહેશે. તો બીજી તરફ સે-૧૭ એકઝીબીશન સેન્ટરના વિવિધ ડોમ કે જયાં ફાયર સેફટી જ નથી ત્યાં શરતી એન.ઓ.જી. આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

તા.૪/૧/૨૦૧૫ ના રોજ લેવાયેલ
ઓફિસ આસીસ્ટન્ટની પરીક્ષાના
પ્રશ્નપત્રની પ્રો. આન્સર કી માટે...
વિવેકાનંદ એકેડમીની વેબસાઇટ
www.vivekanandacademy.org તથા
/Vivekanand Academy ની વિઝીટ કરવી.
ખાસ નોંધ :
(૧) ઉપરોક્ત વેબસાઇટ પર રોજેરોજનું કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોના પરીક્ષામાં પૂછાવાલાયક અગત્યના પ્રશ્નો તથા સ્પર્ધાત્મક પરીક્ષાને લગતી અગત્યની માહિતી જોઇ શકાશે.
(૨) વિવેકાનંદ એકેડમીનું મટીરીયલ પણ મુકેલ છે.

GB Festival Offer
MTS 3G Plus Wi-Fi Data Card
Speed upto 9.8 Mbps
Device Price : Rs. ~~1099/-~~ Rs. 999/-
Laptop Bag Free
40GB Unl. 3G Plus Data @ 999 only
JOY TELECOM
G-5, Megh Malhar Complex, Nr. Suman Tower, Sec-11
(M) : 9227180424/9227469115